# 17. આર્થિક સમસ્યાઓ અને પડકારો : ગરીબી અને બેરોજગારી

## સ્વાધ્યાય

<u>ખાસ નોંધ:</u> **પ્રશ્નોનાં ગુણ મુજબ મુદ્દા લખવા. અહીં તમામ મુદ્દા આપવાનું કારણ એ છે કે જે તે પ્રશ્નના ઉત્તર તરીકે જે મુદ્દા તમને યાદ રહે તે તમે તૈયાર કરી શકો.**

### પ્રશ્ન 1: નીચેના પ્રશ્નોના ઉત્તર સવિસ્તર લખો:

#### (1) ગરીબી નિવારણના વિવિધ ઉપાયો વર્ણવો.

- ગરીબી ઘટાડવા માટે ભારત સરકારે આયોજનમાં નીચે પ્રમાણેની વ્યૂહરચના અપનાવી હતી:
- <u>[1] આવકની સમાન વહેંચણી માટે ઉપાયો:</u>
- સરકારે આવકની સમાન વહેંચણી કરવા માટે કેટલાંક ઉપાયો હાથ ધર્યા, જેથી ધનિકો અને ગરીબો વચ્ચેનું અંતર ઘટી શકે. જેમ કે,
  - .→ ધનિક વર્ગ અને મધ્યમવર્ગ પર કરવેરા નાખ્યા.
  - .→ ધનિક વર્ગ દ્વારા ઉપયોગમાં લેવાતી મોજશોખની, ભોગવિલાસની અને સુખસગવડની વસ્તુઓના ઉત્પાદન પર ઊંચા કરવેરા નાખવામાં આવ્યાં.
  - .→ ગરીબ લોકોની રોજિંદી વપરાશની વર્તુઓના ઉત્પાદનને અગ્રિમતા આપી તેમજ એ વસ્તુઓ બજારભાવો કરતાં ઓછા ભાવે ગરીબોને 'વાજબી ભાવની દુકાનો' દ્વારા નિયત જથ્થામાં રાહતદરે જીવનજરૂરીયાતની વસ્તુઓ પૂરી પાડીને તેમના જીવનધોરણને ઊંચું લાવવાનો વ્યુહ અપનાવ્યો.
- <u>[2] જમીનધારાના સુધારાના ઉપાયો:</u>
- જમીનધારાના સુધારાના નીચે પ્રમાણેના ઉપાયો દ્વારા ગ્રામીણ ક્ષેત્રે ધનિક ખેડૂતો કે જમીનદારોની આવકમાં ઘટાડો થાય અને જમીનવિહોણા, ખેતમજૂરો કે ગણોતીયાની આવકમાં વધારો થાય એ રીતે ગરીબોની સ્થિતિ સુધારવાનો વ્યૂહ અપનાવ્યો છે:
  - .→ જમીનદારી પ્રથાની નાબૂદી
  - .→ ગણોતિયાઓ માટે જમીનની માલિકીના હકની જોગવાઈઓ ધરાવતો ગણોતધારો
  - .→ જમીન ટોચમર્યાદાનો કાયદો
  - .→ ફાજલ પડતર જમીનની ભૂમિહિન ખેડૂતોને વહેંચણી
  - .→ ગણોતનું નિયમ
  - .→ ખેડહકની સલામતી
  - .→ જમીનની હદનું સીમાંકન
- <u>[3] રોજગારીની આર્થિક તકોમાં વધારો:</u>
  - .→ સરકારે રોજગારીની આર્થિક તકો વધારવા કૃષિપેદાશો પર આધારિત ઉદ્યોગો, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગો, વનીકરણ, નાનીમોટી સિંચાઈ યોજનાઓ, ગૃહઉદ્યોગો, લઘુઉદ્યોગ, કુટિર ઉદ્યોગો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વગેરે શ્રમપ્રધાન ઉદ્યોગો માટે પ્રોત્સાહક નીતિઓ જાહેર કરીને આર્થિક મદદ કરી.

.→ આ ઉપરાંત, સરકારે કાયદા ઘડીને કેટલીક ચીજવસ્તુઓનું ઉત્પાદન ગૃહઉદ્યોગો અને લઘુઉદ્યોગો પૂરતું અનામત રાખ્યું.

**[4] શિક્ષણ, આરોગ્ય, માળખાગત સુવિધાઓ, સ્વરોજગારી ક્ષેત્રે પ્રયત્નો:**

.→ સરકારે ગ્રામીણ ક્ષેત્રે શિક્ષણ, આરોગ્ય, વસવાટ, કુટુંબનિયોજન, સંદેશાવ્યવહાર, રસ્તા, સિંચાઈ, કૌશલ્યોનો વિકાસ વગેરે અંગેના કાર્યક્રમો અમલમાં મૂક્યાં.

.→ બિયારણો, ખાતરો અને ટ્રેક્ટર માટે સસ્તી બૅન્ક લોનની સગવડ કરી.

.→ શૈક્ષણિક ક્ષેત્રે ટેકનિકલ અને વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો શરૂ કર્યા અને તાલીમકેન્દ્રો ખોલ્યાં. યુવક-યુવતીઓના ઉચ્ચ શિક્ષણ માટે સ્કૉલરશીપ, ફી-માફી, પ્રયાસરૂપે મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવવા સ્વરોજગારીના કાર્યક્રમો શરૂ કર્યા.

## (2) ગરીબી નિવારણ કાર્યક્રમ અન્વયે 'કૃષિક્ષેત્રે' તથા 'ગ્રામોદયથી ભારત ઉદય'ના કાર્યક્રમ હેઠળ સરકારે લીધેલાં પગલાઓની વિગતે ચર્ચા કરો.

**[A] ગરીબી નિવારણ કાર્યક્રમ અન્વયે ભારત સરકારે કૃષિક્ષેત્રે સરકારે લીધેલાં પગલાઓ:**

**(1) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના :**

આ યોજના દ્વારા કૃષિઉત્પાદનનો દર વધે, કૃષિ સંલગ્ન વિભાગો વિકાસે, સિંચાઈની સવલતોમાં વધે, જળસંકટ નાથવા માટે નાના-મોટા ચૅકડેમો બાંધવા વગેરે હેતુઓ સિદ્ધ કરીને ખેડૂતોને ખેતીનાં જોખમો અને દેવાથી બચાવવાનો તેમજ રોજગારી પૂરી પાડીને તેમને ગરીબીમાંથી ઉગારવાનો પ્રયાસ છે.

**(2) પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના :**

આ યોજના ખેતસુરક્ષા વીમા યોજના મુજબ કુદરતી આફતોથી ખેતીના ઊભા પાકને થતા નુકશાન માટે ખેડૂતોને આર્થિક સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત, ટકાના ભાવે કપાસની ખરીદીમાં ખેડૂતોને બોનસ આપવમાં આવે છે. કૃષિપેદાશોના ભાવો સ્થિર રાખવા માટે સરકારે 'ક્ષતિમુક્ત કૃષિભાવ પંચ'ની રચના કરી છે.

**(3) રાષ્ટ્રીય પેયજળ કાર્યક્રમ :**

આ કાર્યક્રમ હેઠળ સરકારે દરેક ખેતરને પાણી, હયાત કૅનાલનાં માળખાં સુધારવાં, જમીન-ધોવાણ અટકાવવું. અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટે ટ્યૂબવેલ બનાવવા, ક્ષાર-પ્રવેશ નિયંત્રણ વગેરે કાર્યક્રમો અમલમાં મૂક્યા છે. આ ઉપરાંત તળાવોનું ખોદકામ, વૉટર શૅડ વિકાસ, ટાંકી-નિર્માણ, વરસાદી પાણીનો સંગ્રહ, વનીકરણ, નહેરોનું બાંધકામ, બગાયત કામ, ચૅકડેમોનું બાંધકામ વગેરે રોજગારલક્ષી કાર્યક્રમો દ્વારા ગ્રામીણ ક્ષેત્રે કૃષિ પર આધારિત કુટુંબોને ગરીબીમાંથી ઉપર લાવવા પ્રયત્નો કરવામાં આવે છે.

**(4) ઇ-નામ યોજના :**

આ યોજના હેઠળ સરકારે રાષ્ટ્રીય કૃષિબજાર ઊભું કર્યું છે, જેમાં ખેડૂતો પોતાના ઉત્પાદનોને ઓનલાઇન સૂચિબદ્ધ કરાવી શકે છે. વેપારી કોઈ પણ જગ્યાએથી તે ઉત્પાદનોની બોલી લગાવી

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

શકે છે. વચેટિયાઓ, દલાલોથી થતા આર્થિક નુકશાનથી ખેડૂતોને બચાવીને વધુ ભાવરૂપી વળતર મળે અને હરીફાઈથી વધુ આર્થિક લાભ મળે તે આ યોજનાનો મુખ્ય હેતુ છે.

- **[B] ગ્રામોદયથી ભારત ઉદય કાર્યક્રમ હેઠળ સરકારે લીધેલાં પગલાં :**
- આ કાર્યક્રમ અંતર્ગત ગ્રામીણ ક્ષેત્રે ગરીબી નિવારણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારે નીચેના હેતુઓ સિદ્ધ થાય તે માટે ઘણી યોજનાઓનો સમાવેશ કર્યો છે:
  - → ખેત-ઉત્પાદનોના પ્રમાણ અને ગુણવત્તામાં વધારો થાય
  - → ખેતી સિવાયના સમયમાં રોજગારી મળે
  - → ગ્રામીણ ક્ષેત્રે કાયમી સંપત્તિનું નિર્માણ થાય
  - → ખેડૂતોને દેવામાંથી ઉગરે અને તેમની સમૃદ્ધિ વધે
- આ કાર્યક્રમ હેઠળ નીચેની બાબતો માટે આર્થિક સહાય કરવામાં આવે છે:
  - → વન્ય પ્રાણીઓથી પાકોનું રક્ષણ કરવા તારની વાડ બાંધવા માટે
  - → અછત કે દુષ્કળના સમયે પશુધનને બચાવવા માટે ઘાસ-ઉત્પાદન માટે પશુ-શેલ્ટર બાંધવા
  - → પાણીની ટાંકીના નિર્માણ માટે
  - → ખેતીનાં યાંત્રિક સાધનોની ખરીદી માટે ઓછા વ્યાજે લોન અને સબસિડી
- આ કાર્યક્રમની અન્ય જોગવાઈઓ:
  - → બાગાયતી પાકોની ગુણવત્તા સુધારણા
  - → કૃષિ ધિરાણ મંડળીમાં કમ્પ્યૂટરાઇઝેશન
  - → કપાસ, કઠોળ, મસાલાની ગુણવત્તા માટે નવી ટેસ્ટિંગ લેબોરેટરી સ્થાપવી
  - → અતિઆધુનિક સેટેલાઇટ કે ડ્રોન ટેક્નિકથી વરસાદની આગાહી અને ખનીજક્ષેત્ર શોધવાં
  - → કૃષિ ઉત્પાદનોના પોષણક્ષમ ભાવો મળી રહે તેવો પ્રબંધ
  - → જમીનનો સર્વે કરી તેનો રેકોર્ડ રાખવો
  - → જલસંગ્રહ માટે જળાશયોમાંથી કાંપ દૂર કરીને ઊંડા અને મોટા કરવા
  - → ખેતતલાવડીઓનું નિર્માણ
  - → જળાશયોની કેનાલ અને કાંસની લંબાઈમાં વધારો કરવો અને તેની સફાઈ કરવી
  - → જલમંદિરોનું પુન:સ્થાપન
  - → ચેકડેમોનું રિપેરિંગ

### (3) ગરીબી ઘટાડવાના મુખ્ય સરકારી ઉપાયોની સમજૂતી આપો.

- ભારત સરકારે ગરીબી ઘટાડવા માટે નીચેના 5 મુદ્દાઓને ધ્યાનમાં રાખી કાર્યક્રમો બનાવ્યા:

(1) વેતનયુક્ત રોજગારી, (2) સ્વરોજગારી, (3) અન્ન સુરક્ષા, (4) સામાજિક સલામતી, (5) શહેરી ગરીબીનિવારણ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

<table>
<tr><th>ક્રમ</th><th>અમલમાં મૂકાયેલ યોજના</th><th>યોજનાનો હેતુ</th></tr>
<tr><td rowspan="5">1</td><td colspan="2">કૃષિવિકાસ માટેની યોજનાઓ અથવા કાર્યક્રમો:</td></tr>
<tr><td>(i) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના</td><td>ખેતઉત્પાદનનો દર વધે, કૃષિ સંલગ્ન વિભાગો વિકસે, સિંચાઈની સગવડો વધે, જળસંકટ નાથવા માટે નાનાં-મોટા ચેકડેમો</td></tr>
<tr><td>(ii) પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના</td><td>ખેતસુરક્ષા વીમા યોજનાને વધુ સુગ્રથિત કરીને કુદરતી આફતોથી ખેતીના ઉભા પાકને થતા નુકશાન માટે ખેડૂતોને આર્થિક સહાય, ટકાના ભાવે કપાસની ખરીદીમાં ખેડૂતોને બોનસ, પાકના નુકસાનમાં વળતર, ખેતઉત્પાદનોના ભાવો સ્થિર રાખવા માટે ‘ક્ષતિમુક્ત કૃષિભાવ પંચ’ની રચના</td></tr>
<tr><td>(iii) રાષ્ટ્રીય પેયજળ કાર્યક્રમ</td><td>પ્રત્યેક ખેતરને પાણી, હયાત કેનાલનાં માળખાં સુધારવાં, જમીન-ધોવાણ અટકાવવું. અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટે ટ્યૂબવેલ બનાવવા, ક્ષાર-પ્રવેશ નિયંત્રણ, તળાવોનું ખોદકામ, વૉટર શેડ વિકાસ, ટાંકી-નિર્માણ, વરસાદી પાણીનો સંગ્રહ, વનીકરણ, નહેરોનું બાંધકામ, બાગાયત કામ, ચેકડેમોનું બાંધકામ</td></tr>
<tr><td>(iv) ઇ-નામ યોજના</td><td>સરકારે રાષ્ટ્રીય કૃષિબજાર ઊભું કર્યું છે, જેમાં ખેડૂતો પોતાના ઉત્પાદનોને ઓનલાઇન સૂચિબદ્ધ કરાવી શકે છે.<br>વેપારી કોઈ પણ જગ્યાએથી તે ઉત્પાદનોની બોલી લગાવી શકે છે.<br>વચેટિયાઓ, દલાલોથી થતા આર્થિક નુકશાનથી ખેડૂતોને બચાવીને વધુ ભાવરૂપી વળતર મળે અને હરીફાઈથી વધુ આર્થિક લાભ મળે.</td></tr>
<tr><td>2</td><td>ગ્રામોદયથી ભારતઉદય</td><td>ગ્રામીણ ક્ષેત્રે ગરીબી નિવારણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારે નીચેના હેતુઓ સિદ્ધ થાય તે માટે ઘણી યોજનાઓનો સમાવેશ કર્યો છે:<br>ખેત-ઉત્પાદનોના પ્રમાણ અને ગુણવત્તામાં વધારો, ખેતી સિવાયના સમયમાં રોજગારી, ગ્રામીણ ક્ષેત્રે કાયમી સંપત્તિનું નિર્માણ<br><u>આર્થિક સહાય:</u><br>વન્ય પ્રાણીઓથી પાકોનું રક્ષણ કરવા તારની વાડ બાંધવા માટે, અછત કે દુષ્કળના સમયે પશુધનને બચાવવા માટે ઘાસ-ઉત્પાદન માટે પશુ-શેલ્ટર બાંધવા માટે, પાણીની ટાંકીના નિર્માણ માટે, ખેતીનાં યાંત્રિક સાધનોની ખરીદી માટે ઓછા વ્યાજે લોન અને સબસિડી<br><u>અન્ય જોગવાઈઓ:</u><br>બાગાયતી પાકોની ગુણવત્તા સુધારણા; કૃષિ ધિરાણ મંડળીમાં કમ્પ્યૂટરાઇઝેશન; કપાસ, કઠોળ, મસાલાની ગુણવત્તા માટે નવી ટેસ્ટિંગ લૅબોરેટરી સ્થાપવી; અતિઆધુનિક સેટેલાઇટ કે ડ્રોન ટેક્નિકથી વરસાદની આગાહી અને ખનીજક્ષેત્ર શોધવાં; કૃષિ ઉત્પાદનોના પોષણક્ષમ ભાવો મળી રહે તેવો પ્રબંધ; જમીનનો સર્વે કરી તેનો રેકૉર્ડ રાખવો; જળવ્યવસ્થાપન</td></tr>
<tr><td>3</td><td>દીનદયાળ ઉપાધ્યાય ગ્રામજ્યોતિ યોજના</td><td>ગ્રામીણ ક્ષેત્રે વિના અવરોધે 24 x 7 રાત-દિવસ સતત વીજળીનો પુરવઠો પૂરો પાડવો<br>ઘરોમાં અને ખેતરોમાં રાહતદરે વીજળી પૂરી પાડવી. દેશભરમાં વીજળીની સુવિધા વિનાનાં 18,000 ગામોમાં વીજળી પહોંચાડવા નવી લાઇનો અને નવાં વીજ સબસ્ટેશનો સ્થાપવાં<br>કૃષિક્ષેત્રેનાં વીજળીનાં સાધનો ખરીદવાં તેમજ સૌરઊર્જા દ્વારા વીજળી મેળવવા અને સોલાર માટે ટેક્નિક-સાધનો ખરીદવાં સબસિડીરૂપે સહાય પૂરી પાડવી</td></tr>
</table>

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| ક્રમ | અમલમાં મૂકાયેલ યોજના | યોજનાનો હેતુ |
|---|---|---|
| 4 | **આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ સહાય** | **સંકલિત ડેરી વિકાસ** યોજના હેઠળ કૃષિવિષયક અને બગાયતી ખેતીના વિકાસ માટે તેમજ વેલાવાળા પાકો માટે મંડપ બનાવવા સહાય, સજીવ ખેતી ગ્રેડિંગ અને પૅકેજિંગની તાલીમ અને માર્ગદર્શન |
| 5 | **સેન્દ્રિય ખેતીને પ્રોત્સાહન** | ખેતીની સામગ્રીની ખરીદી માટે ઓછા દરે ધીરાણ, ખેડૂતોને તાલીમ-શિક્ષણની વ્યવસ્થા, યોગ્ય બજાર વ્યવસ્થા |
| 6 | **મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના** | ગામડાઓ એકબીજા સાથે જોડાયેલાં રહે તે માટે ગ્રામપંચાયતોને સહાય, શૌચાલય બાંધવાના કાર્યો જેવાં રોજગારલક્ષી કાર્યક્રમો |
| 7 | **મા અન્નપૂર્ણા યોજના** | રાજ્યનાં અંત્યોદય કુટુંબોને તેમજ ગરીબીરેખા નીચે જીવતાં તમામ કુટુંબોને પ્રતિમાસ 35 કિલોગ્રામ અનાજ મફતમાં; મધ્યમવર્ગના ગરીબ કુટુંબોને વાજબી ભાવની દુકાનો દ્વારા પ્રતિમાસ વ્યક્તિદીઠ 5 કિલોગ્રામ અનાજ, જેમાં ઘઉં રૂ. 2 પ્રતિકિલો અને ચોખા રૂ. 3 પ્રતિકિલોના ભાવે |
| 8 | **સાંસદ આદર્શ ગ્રામ યોજના** | સાંસદ દ્વારા મતવિસ્તારના દત્તક લીધેલા ગામમાં શિક્ષણ, આરોગ્ય, રોજગારી પૂરી પાડીને 'આદર્શ ગામ' બનાવી સ્થળાંતર અટકાવવું<br>સાર્વજનિક કાયમી મિલકતો ઊભી કરવી, સારા જીવનની તકો ઊભી કરવી, ગ્રામોદ્ધાર, સાંસ્કૃતિક વારસાનું જતન, સામાજિક સમરસતાનાં કાર્યો |
| 9 | **મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેંધરી યોજના (MNREGA)** | આપણા ગામમાં આપણું કામ, સાથે મળે છે વાજબી દામ'ના સૂત્ર સાથે અમલી બનેલી આ યોજનામાં ગ્રામ્ય વિસ્તારમાં કુટુંબદીઠ એક સભ્યને નાણાકીય વર્ષમાં 100 દિવસની વેતનયુક્ત રોજગારી આપવામાં આવે છે. કામ પૂરું પાડવામાં નિષ્ફળતા મળે, તો નિયમ મુજબ તેને 'બેકારી ભથ્થું' પણ ચૂકવાય છે. |
| 10 | **મિશન મંગલમ્** | રાજ્ય સરકાર દ્વારા ગરીબીરેખા નીચે જીવતાં પરિવારોની મહિલા સભ્યોને સખીમંડળો કે સ્વસહાય જૂથમાં જોડીને, તેમને તાલીમ આપીને પાપડ, અથાણાં, અગરબત્તી બનાવવાના ગૃહઉદ્યોગ દ્વારા રોજગારી |
| 11 | **દત્તોપંત ઠેંગડી કારીગર વ્યાજ સહાય યોજના** | રાજ્ય સરકાર દ્વારા હસ્તકલા અને હાથશાળના કુટિર ઉદ્યોગોના કારીગરોને કાચા માલની ખરીદી માટે ઓછા વ્યાજની બૅન્ક-લોનની સગવડ |
| 12 | **જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના** | ગ્રામીણ વિસ્તારમાં આવક અને ઉદ્યોગ સાહસિકતા માટે બેરોજગારોને ગ્રામ્ય વિસ્તારમાં ઉદ્યોગ સ્થાપવા માટે પ્લાન્ટ, યંત્રસામગ્રી, વીજળી, જમીન વગેરે માટે આર્થિક સહાય, સબસીડી પૂરી પાડી સ્વરોજગારીની તકો ઊભી કરવી. |
| 13 | **બાજપાઈ બૅન્કેબલ યોજના** | 18થી 65 વર્ષની ઉંમર અને ચોથું(4) ધોરણ પાસ હોય તેવા શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના બેરોજગારોને તાલીમ આપીને ઉદ્યોગ માટે કે વારસાગત કારીગરોને ધંધા માટે નિયત રકમનું ધિરાણ પૂરું પાડવું |
| 14 | **ઍગ્રો બિઝનેસ પૉલિસી 2016** | રાજ્ય સરકાર દ્વારા પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટની નિકાસોમાં સહાય, ઍગ્રો ફૂડ પ્રોસેસિંગ યુનિટો સ્થાપીને 10 લાખ લોકોને રોજગારી પૂરી પાડવાની યોજના |

**(4) બેરોજગારી ઘટાડવાના પ્રયાસરૂપે સરકારી યોજના અને કાર્યક્રમો (મુખ્ય ચાર) સવિસ્તર સમજાવો.**

- ભારતમાં બેરોજગારી ઘટાડવાના પ્રયાસરૂપે સરકારી યોજનાઓ અને કાર્યક્રમો નીચે મુજબ છે:
- 1. આર્થિક વિકાસનો વાર્ષિક દર ઊંચો રાખીને તે લક્ષ્યાંકને સિદ્ધ કરવો:

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ભારતમાં આર્થિક વિકાસનો વાર્ષિક દર 10% જેટલો ઊંચો રાખીને તે લક્ષ્યાંકને સિદ્ધ કરવા સર્વગ્રાહી પગલાં ભરવાં જોઈએ. આ માટે જાહેર અને ખાનગી ક્ષેત્રે મૂડી રોકાણ વધારીને રોજગારીની તકો ઊભી કરવી જોઈએ. કૃષિ સહિત ગૃહઉદ્યોગો અને કુટિર ઉદ્યોગોનો ઝડપી અને સંતુલિત વિકાસ કરવો જોઈએ.

- 2. શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ:

આ પદ્ધતિ આધારિત વપરાશી વસ્તુઓનું ઉત્પાદન કરતાં એકમો, નાના ઉદ્યોગો, ગ્રામોદ્યોગો, હાથશાળ અને હસ્તકલા કારીગરોને લગતા હુન્નર ઉદ્યોગોનો વિકાસ હાથ ધરવો જોઈએ.

- 3. ગ્રામીણ ક્ષેત્રે ખેતી સિવાયના સમયમાં રોજગારી :

ખેતરોમાં એકથી વધુ વખત પાક લઈ શકાય એવી પદ્ધતિને વિકસાવવી, નવી જમીન ખેડાણ હેઠળ લાવવી, પ્રત્યેક ખેતરને પાણી અને વીજળી પૂરાં પાડવાં, નાની-મોટી સિંચાઈ યોજનાઓ બનાવવી, સડકો બનાવવી, પશુપાલન, ડેરી ઉદ્યોગ, મત્સ્યઉછેર, મરઘા-બતકાંઉછેર, વનીકરણ વગેરે પ્રવૃત્તિઓ વિકસાવવી.

- 4. ગ્રામીણ ક્ષેત્રે રોજગારીની તકોનું વિસ્તરણ અને માનવ વિકાસ :

ગામડામાંથી શહેરો તરફનું સ્થળાંતર ઘટાડી ગ્રામોત્થાન કરવા માટે કૃષિક્ષેત્રે બાગાયતી ખેતી, સેન્દ્રિય ખાતર આધારિત ખેતી, સૂકી ખેતી અને બહુલક્ષી પાક પદ્ધતિ, શાકભાજી-ફળોની ખેતી તરફ વધુ ઝોક આપવો જોઈએ.

ગ્રામ્ય ક્ષેત્રે લોકોને પૌષ્ટિક આહાર, પીવા માટે ચોખ્ખું પાણી, આરોગ્ય, શિક્ષણ, વીજળી, રસ્તાઓ વગેરે પૂરાં પાડીને તેમજ બૅન્ક, વીમો, ઈન્ટરનેટ, સંદેશાવ્યવહાર, વાહનવ્યવહાર વગેરેની સવલતો પૂરી પાડવી જોઈએ, જેથી તેમના જીવનમાં ગુણાત્મક અને પરિણાત્મક સુધારો લાવી શકાય.

- 5. કૌશલ્યવર્ધન:

શિક્ષિત બેરોજગારી અને યુવા બેરોજગારીમાં ઘટાડો કરવા તેઓમાં કૌશલ્યનો વિકાસ કરવો અને શિક્ષણને અનુરૂપ રોજગારી પૂરી પાડવી. કુશળ કારીગરો પેદા થાય ઉત્પાદનક્ષેત્રે ટેક્નોલૉજીમાં ફેરફાર થવાથી કૌશલ્યયુક્ત શ્રમિકોની માંગ વધી છે. આથી શ્રમિકોને જે-તે ક્ષેત્રનાં પ્રશિક્ષણ અને તાલીમ આપીને કાર્યક્ષમ બનાવવાથી તેમને રોજગારી પ્રાપ્ત થઈ શકે.

→ વ્યવસાયલક્ષી કે તકનીકી શિક્ષણની નીતિ અપનાવવી.

→ શાળા-કોલેજના અભ્યાસક્રમો ત્યાંના સ્થાનિક ઉદ્યોગોની જરૂર પ્રમાણે રાખવા.

→ બજારની માંગ પ્રમાણે શ્રમિકોને વ્યાવસાયિક ટેક્નિકલ શિક્ષણ અને તાલીમ આપવાં.

→ શ્રમિકોને સતત કામ મળી રહેશે એવું આશ્વાસન આપવું.

→ કામની નવી પરિસ્થિતિ મુજબ નૂતન જાણકારી મેળવવી અને શ્રમિકોને સક્ષમ બનાવી રોજગારી અપાવવી.

→ વૈશ્વિક દેશોની શ્રમશક્તિની તુલનામાં ભારતીય શ્રમિકો વૈશ્વિક સ્તરે તેમની સમકક્ષ ઊભા રહી શકે એવી પરિસ્થિતિ સર્જવી.

- 6. યુવાઓ માટે રોજગારી:

ભારત સરકારે યુવા બેરોજગારી ઘટાડવા માટે 'મેક ઈન ઈન્ડિયા', 'સ્કીલ ઈન્ડિયા' અને 'ડિજિટલ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ઈન્ડિયા' જેવી યોજનાઓ અમલમાં મૂકી છે. આ ક્ષેત્રે ભારત સરકારે દેશનાં બધાં રાજ્યોમાં ઔદ્યોગિક તાલીમી કેન્દ્રો તેમજ દરેક રાજ્યમાં એક IIT અને IIM જેવી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ સ્થાપી છે.

- 7. શ્રમશક્તિનું આયોજન:
- રોજગારીનાં નવા ક્ષેત્રોમાં જેવા કમ્પ્યૂટર ટેક્નોલૉજી, ઇન્ફર્મેશન ટેક્નોલૉજી, ફાર્મા ક્ષેત્ર, ઇવેન્ટ મેનેજમેન્ટ વગેરેની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને શિક્ષણ, પ્રશિક્ષણ અને તાલીમ સંસ્થાઓના પાઠ્યક્રમો બદલવામાં આવ્યા છે. આમ, શ્રમશક્તિનું આજની માંગને અનુરૂપ શ્રમિકોને ટૂંકા કે લાંબા સમયના સર્ટિફિકેટ કે ડિપ્લોમા પ્રકારના તાલીમી સભ્યાસક્રમો સરળ રીતે ઉપલબ્ધ કરાવવાથી શિક્ષિત બેરોજગારી ઘટાડી શકાય છે. ઉદ્યોગ-સાહસિકોને નવા ધંધા-ઉદ્યોગો કરવા માટે 'સ્ટાર્ટ અપ ઈન્ડિયા' અન્વયે સસ્તી લોનની સહાય આપવામાં આવે છે. જે બેરોજગારી ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે.
- 8. ઉદ્યોગસંબંધી વિકાસ :

  નવા વેપાર-ઉદ્યોગોની શરૂઆત માટે સરકારે પ્રારંભિક ઓછા માર્જિનની સાથે યંત્રો, કાચો માલ કે ઑફિસ ફર્નિચર ખરીદવાં માટે ઓછા વ્યાજના દરે ધિરાણ, વેચાણ માટેની સહાયતા જેવી યોજનાઓ દ્વારા સ્વરોજગારી માટે પગલાં લીધાં છે. કૌશલ્યવર્ધન, ટેકનિકલ જ્ઞાન, સસ્તી-સરળ લોન સુવિધાઓ અને વિવિધ સંસ્થાઓના પ્રયાસો થકી મહિલાઓને ગૃહઉદ્યોગો દ્વારા સ્વરોજગારી પૂરી પાડી છે.
- 9. રોજગાર વિનિમય કેન્દ્રો:

  આ કેન્દ્રો રોજગારો શોધતી વ્યક્તિઓ, શ્રમિકો, કામદારો કે શિક્ષિત કુશળ-અર્ધકુશળ યુવાનો અને તેમને કામ આપવા માગતા માલિકોને જોડવાનું કામ કરે છે. આ કેન્દ્રો શિક્ષિત બેકારોની નોંધણી, કામની જગ્યા-પ્રકાર વિશે વિશ્વસનીય માહિતી આપે છે તથા 'રોજગાર', 'કારકિર્દી' જેવાં સામયિકો દ્વારા રોજગારીની માહિતી પૂરી પાડે છે. 'મૉડેલ કેરિયર સેન્ટર' અને હેલ્પલાઇન નંબર 1800-425-1514 દ્વારા બેરોજગારોને જરૂરી માહિતી આપે છે, રોજગાર મેળા પણ યોજે છે.

## પ્રશ્ન 2: નીચેના પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો:

### (1) ગરીબી એટલે શું? ગરીબીરેખા હેઠળ જીવતા લોકોનાં લક્ષણો જણાવો.

- ગરીબી:
- ગરીબી એટલે ખોરાક, કપડાં અને રહેઠાણ જેવી જીવનની પ્રાથમિક જરૂરિયાતો તેમજ શિક્ષણ અને તબીબી સારવાર જેવી સેવાઓ પણ જેમને પૂરતા પ્રમાણમાં મળતી નથી, તેમને તે વસ્તુઓ કે સેવાઓના અભાવની સ્થિતિને 'ગરીબી' કહેવામાં આવે છે.
- ગરીબીરેખાની નીચે જીવતા લોકોના લક્ષણો નીચે પ્રમાણે છે:

  → જે વ્યક્તિને બે ટંક ભોજન ન મળતુ હોય.

  → રહેવા માટે પૂરતી માત્રામાં મોકળાશવાળી જગ્યા પ્રાપ્ત ન થઈ હોય.

  → નાછૂટકે ગંદા વસવાટ કે સ્લમ વિસ્તારોમાં વસવાટ કરવો પડતો હોય.

  → જેની આવક નિર્ધારિત અપેક્ષિત આવકથી પણ ઓછી હોય

  → જેમનું આયુષ્ય રાષ્ટ્રીય સરેરાશ આયુષ્યથી પણ ઓછું હોય.

  → જેઓ મોટા ભાગે નિરક્ષર હોય.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

→ જેઓ સતત પોષણક્ષમ આહારના અભાવે નાના-મોટા રોગોથી પીડાતા હોય.

→ કુટુંબની આવકમાં વધારો કરવાની ફરજે જેમનાં ભણવાની ઉંમરે જેમનાં બાળકોને મજૂરી કે કામધંધો કરવા મજબૂર થવું પડતું હોય.

→ જેમનાં બાળકોનું કુપોષણના લીધે બાળમૃત્યુનું પ્રમાણ ઊંચું રહેતું હોય.

## (2) ભારતમાં ગરીબીનું વર્ણન કરો.

- ભારતમાં આયોજનપંચે 2011-12માં ગરીબીરેખા નક્કી કરવા માટે નીચેનું પ્રમાણ નક્કી કર્યું હતું:

| ક્ષેત્ર | માથાદીઠ માસિક વપરાશી ખર્ચ (રૂ) | કુટુંબદીઠ ખર્ચ (રૂ) |
|---|---|---|
| ગ્રામીણ | 816 | 4080 |
| શહેરી | 1000 | 5000 |

| વર્ષ | વિગત | ગરીબીની ટકાવારી |
|---|---|---|
| ઈ.સ. 2011-12 | આયોજનપંચના નવા માપદંડના આધારે 27 કરોડ લોકો ગરીબ | 21.9 |
| ઈ.સ. 2011-12 | UNDP-2015ના રિપોર્ટ મુજબ આ વર્ષમાં ભારતમાં ગ્રામીણ ક્ષેત્રે 21.65 કરોડ ગરીબ લોકો એટલે કે 25.7% શહેરી ક્ષેત્રે 5.28 કરોડ ગરીબ લોકો એટલે કે 13.7% | 21.92 |
| ઈ.સ. 2009-10 | 35.47 કરોડ લોકો ગરીબ | 29.8 |
| ઈ.સ. 2010 | વિશ્વબેન્કના અહેવાલ મુજબ 2010માં ભારતની કુલ વસતી અંદાજે 121 કરોડમાંથી 45.6 કરોડ લોકો ગરીબ | 32.7 |

- વિશ્વબેન્કે આંતરરાષ્ટ્રીય ધોરણે સરખામણી થઈ શકે તે માટે ઈ.સ. 2012માં ઈ.સ. 2008ના ભાવોએ માથાદીઠ દૈનિક આવક US $ 1.90 નિર્ધારિત કરી હતી, જે ગરીબી રેખાનું ધોરણ છે.
- ભારતમાં ગરીબીના પ્રમાણમાં આંતરરાજ્ય અસમાનતા પ્રવર્તે છે.
- ભારતમાં ગરીબી

| | |
|---|---|
| સૌથી ઊંચું પ્રમાણ છત્તીસગઢ રાજ્યમાં | 36.93% |
| સૌથી નીચું પ્રમાણ ગોવા રાજ્યમાં | 5.09% |
| ગુજરાતમાં ગરીબીનું પ્રમાણ | 16.63% |

- ગરીબીનું પ્રમાણ સરેરાશ 30% થી વધારે હોય તેવા રાજ્યો:

  છત્તીસગઢ, અસમ, ઉત્તર પ્રદેશ, મણિપુર, બિહાર, અરુણાચલ પ્રદેશ, ઝારખંડ, ઓડિશા
- ગ્રામીણ ક્ષેત્રે ગરીબો :

  ગ્રામીણ ક્ષેત્રે વસતા ગરીબોમાં મોટા ભાગે જમીનવિહોણા ખેતમજૂરો, ગૃહઉદ્યોગો કે કુટિર ઉદ્યોગોના કારીગરો, સીમંત ખેડૂતો, ભીખારીઓ, વેઠિયા મજૂરો, જંગલ કે પહાડી વિસ્તારમાં રહેતા લોકો, જનજાતિઓ, કામચલાઉ કારીગરો છે, કે જેઓ ગરીબી રેખાની નીચે જીવન જીવી રહ્યા છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- <u>શહેરી ક્ષેત્રે ગરીબો :</u>

  શહેરી વિસ્તારમાં વસતા ગરીબોમાં કામચલાઉ મજૂર; બેરોજગાર દૈનિક શ્રમિક; ઘરનોકર; રિક્ષાચાલક; ચા-નાસ્તાની લારી-ગલ્લા, હોટલ-ઢાબા કે ઑટોગૅરેજમાં કામ કરનારા શ્રમિકો; ભિક્ષુકો કે જેઓ પોતાની ન્યૂનતમ જીવનજરૂરી વસ્તુઓ પણ સંતોષી શકતા નથી અને ગરીબીમાં સબડી રહ્યા છે.

### (3) ગરીબી ઉદ્ભવવાનાં કારણો જણાવો.

- ગરીબી ઉદ્ભવવાનાં જવાબદાર કારણો નીચે પ્રમાણે છે :
- દેશમાં વરસાદની અનિયમિતતા અને સિંચાઈની અપૂરતી સગવડોને કારણે ખેતપેદાશોની આવકમાં ઘટાડો થયો.
- ગ્રામીણ ક્ષેત્રે ચોમાસાની ઋતુ સિવાયના સમયમાં વૈકલ્પિક રોજગારીની તકોનો અભાવ.
- ગામડાંના લોકોમાં કૃષિ સિવાયના બીજા વ્યવસાયો માટે જરૂરી શિક્ષણ, જ્ઞાન, તાલીમ કે કુશળતાનો અભાવ.
- જ્ઞાતિપ્રથા તેમજ પરંપરાગત રૂઢીઓ અને રિવાજો પાછળ ગજા ઉપરાંતના ખર્ચા કરવાથી લોકો દેવાદાર બને છે. આમ, બિનઉત્પાદકીય ખર્ચા કરવાથી વ્યક્તિ ગરીબ જ રહે છે.
- દેશમાં નિરક્ષરતાનું પ્રમાણ વધારે હોવાથી વ્યક્તિ શોષણ અને અન્યાયનો ભોગ બને છે. સરકારી યોજનાઓની માહિતીના અભાવે ગરીબોને મળતા લાભ તે મેળવી શકતો નથી.
- દેશની પંચવર્ષીય યોજનાઓમાં આર્થિક નીતિના ઘડતરમાં સમાજના છેવાડાના માનવીની જરૂરિયાતો અને તેનાં હિતોની ઉપેક્ષા થવી.
- ખેતીમાં રોકડિયા પાકોને પ્રોત્સાહન મળ્યું અને ખાદ્ય પાકોનું ઉત્પાદન ઘટ્યું. પરિણામે અનાજ, કઠોળના ભાવો વધ્યા. તેથી બે ટંક પૂરતું ભોજન ન મળ્યું.
- આર્થિક સુધારાઓને લીધે ગ્રામીણ અર્થવ્યવસ્થા પડી ભાંગી. કુટિર અને લઘુઉદ્યોગો બંધ થયા. રોજગારી માટે સ્થળાંતર વધ્યું.
- ગરીબો કુપોષણના અને વિવિધ રોગોના શિકાર બને છે. આરોગ્ય વિષયક ખર્ચ વધ્યો. જ્યારે આવક સ્થિર જ રહી.
- ટેકનોલૉજીમાં ફેરફાર આવતાં પરંપરાગત વ્યવસાયો, કુટિર ઉદ્યોગો પડી ભાંગ્યાં તથા સ્થાનિક બજારો બંધ થતાં બેકારીમાં વધારો થયો.
- વસ્તીવધારાનો દર વધ્યો, જ્યારે મૃત્યુદર ઘટ્યો છે. લોકોના સરેરાશ આયુષ્યમાં વધારો થયો. શ્રમની માંગ કરતાં શ્રમનો પુરવઠો વધ્યો, જેથી બેકારી વધી.
- જીવનજરૂરિયાતની વસ્તુઓની માંગ સામે પુરવઠો ઘટતાં ભાવો વધ્યાં. લોકોની ખરીદશક્તિ ઘટી. જેથી જીવનધોરણ નીચું ગયું. અંતે ગરીબીમાં વધારો થયો.

### (4) સામાજિક સલામતી અને અન્ન સુરક્ષાના સરકારના કાર્યક્રમો જણાવો.

- ભારત સરકારે ઈ.સ. 2013માં રાષ્ટ્રીય અન્ન સલામતીનો કાયદો પસાર કર્યો.
- અન્ન સલામતી એટલે 'દરેક વ્યક્તિ માટે બધાં જ સમયે સક્રિય અને સ્વસ્થ જીવન માટે પૂરતાં પોષણક્ષમ આહારની પ્રાપ્તિ'.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- આ કાયદા અન્વયે ગુજરાત સરકારે 'મા અન્નપૂર્ણા યોજના' શરૂ કરી છે.
- આ યોજના હેઠળ રાજ્યનાં તમામ અંત્યોદય કુટુંબોને તેમજ ગરીબીરેખા નીચે જીવતાં શહેર અને ગ્રામીણ વિસ્તારના લોકોને કુટુંબદીઠ પ્રતિમાસ 35 કિગ્રા અનાજ મફતમાં આપવામાં આવે છે.
- તેમાં મધ્યમવર્ગનાં ગરીબ પરિવારોને વાજબી ભાવની દુકાનો દ્વારા પ્રતિમાસ વ્યક્તિદીઠ 5 કિગ્રા અનાજ, જેમાં ઘઉં રૂ. 2 પ્રતિ કિગ્રા અને ચોખા રૂ. 3 પ્રતિ કિગ્રાના ભાવથી આપવામાં આવે છે.
- રાજ્યના લગભગ 3.62 કરોડ લોકોને આ યોજનાનો લાભ આપીને તેમને અન્ન સુરક્ષા બક્ષવામાં આવી છે.
- આ યોજનાનો લાભ મેળવતાં કુટુંબોની બચતો વધશે, જેથી તેઓ અન્ય વપરાશી વસ્તુઓ ખરીદીને પોતાનું જીવનસ્તર સુધારી શકશે.

### (5) 'ધનિક ભારતમાં ગરીબો વસે છે !' સમજાવો.

- ભારત વિપુલ પ્રમાણમાં કુદરતી સંસાધનો અને અપાર કુદરતી બક્ષિસથી સમૃદ્ધ દેશ છે.
- આટલો સમુદ્ધ અને ધનિક દેશ હોવા છતાં નીચેનાં કારણોને લીધે લોકોમાં ગરીબીનું પ્રમાણ ઘટ્યું નથી.

  → દેશના વિપુલ સંસાધનોનો સુયોગ્ય લાભ ઉઠાવવાની ક્ષમતાનો અભાવ

  → શિક્ષણ, તાલીમ અને કૌશલ્યનો અભાવ

  → વર્ષોના ખામીયુક્ત આયોજનના લીધે આ કુદરતી સંપત્તિનો લોકોના કલ્યાણ અને સુખાકારી માટે જોઈએ તેટલો ઉપયોગ થઈ શક્યો નથી.
- આથી કહી શકાય કે, 'ધનિક ભારતમાં ગરીબો વસે છે !'

### (6) બેરોજગારીનાં કારણો જણાવો.

- ભારતમાં બેરોજગારીનાં કારણો નીચે મુજબ છે:
- શિક્ષિત યુવક-યુવતીઓમાં માત્ર સૈદ્ધાંતિક જ્ઞાન, તેમનામાં પ્રાયોગિક, ટેક્નિકલ અને કૌશલ્યનો અભાવ
- પૂર્ણ કક્ષાની રોજગારી ઊભી કરવામાં મળેલી નિષ્ફળતા
- ખેતીક્ષેત્રે વરસાદની અનિયમિતતા અને સિંચાઈની અપૂરતી સગવડો તેમજ ખેતીના વ્યવસાયમાં જોખમનું વધેલું પ્રમાણ
- કૃષિ વ્યવસાય રસ ઘટવો
- ખેતી સિવાયના સમયમાં વૈકલ્પિક રોજગારીનો અભાવે બેકારી
- કુટિર ઉદ્યોગો, ગૃહઉદ્યોગો અને લઘુઉદ્યોગોની નબળી સ્થિતિ
- જ્ઞાતિપ્રથા, સંયુક્ત કુટુંબ વ્યવસ્થાને કારણે પરંપરાગત વ્યવસાય કે કૌટુંબિક ધંધામાં જ રોકાઈ રહેવું પડે
- નવા વ્યવસાય-ઉદ્યોગો શરૂ કરવા માટે સાહસનો અભાવ
- યુવાનોમાં ટેક્નિકલ જ્ઞાન, તાલીમ કે અનુભવની ખામી
- માનવશ્રમનું ખામીભરેલું આયોજન
- ઔદ્યોગિક વિકાસનો ધીમો દર

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- બચતોના ઓછા પ્રમાણને લીધે નવા મૂડીસર્જનના દરમાં ઘટાડો
- વસ્તીવધારો

### (7) બેરોજગારીની અસરો જણાવો.

- ભારતમાં બેરોજગારીની અસરો નીચે મુજબ જોવા મળે છે :
- યુવા શિક્ષિત બેરોજગાર યુવાનોમાં શિક્ષણ વિશેના રસ-રુચિમાં ઘટાડો થાય છે.
- તેમની માનસિક અને સામાજિક સ્થિતિ પર વિપરિત અસર પડે છે.
- નિરાશા અને હતાશામાં ધકેલાઈ જાય છે.
- લાંબા સમયથી બેકાર રહેલા યુવાનો માદક દ્રવ્યોની હેરાફેરી, ગેરકાનૂની વ્યવસાયો, ચોરી, લૂંટફટ, ખંડણી વસૂલી જેવાં અસામાજિક, અનૈતિક કે ગુનાહિત કૃત્યો કરવા પ્રેરાય છે.
- સામાજિક અને આર્થિક અસમાનતા વધે છે, જેથી સમાજમાં વર્ગભેદ સર્જાય છે.
- બેરોજગારીને કારણે ગરીબી ઉદ્દભવે છે. ગરીબ અને બેકાર બનેલાં કુટુંબની સ્થિતિ અત્યંત દયનીય બને છે. તેમનું જીવનધોરણ ખૂબ નીચું જાય છે.
- બેહાલ બનેલા કુટુંબો માદક દ્રવ્યો કે અન્ય વ્યસનો તરફ વળે છે.
- આમ, બેરોજગારીની અસર વ્યક્તિ, કુટુંબ, સમાજ તેમજ દેશના અર્થતંત્ર પર ઘાતક પુરવાર થાય છે.

## પ્રશ્ન 3: નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં લખો:

### (1) સાપેક્ષ ગરીબી અને નિરપેક્ષ ગરીબી.

- **સાપેક્ષ ગરીબી :**
- સમાજના જુદી જુદી આવક ધરાવતા વર્ગોમાંથી જો કોઈ જૂથ અન્ય કરતાં ઓછી આવક મેળવતો હોય તો આવી ગરીબીને 'સાપેક્ષ ગરીબી' કહે છે.
- **નિરપેક્ષ ગરીબી:**
- સમાજના લોકો અનાજ, કઠોળ, દૂધ, શાકભાજી, કપડાં જેવી પ્રાથમિક જરૂરિયાતો લઘુતમ બજારભાવે પણ પ્રાપ્ત કરી શકવા સમર્થ ન હોય તો તેમની ગરીબીને 'નિરપેક્ષ ગરીબી' કહે છે.

### (2) એગ્રો બિઝનેસ પૉલિસી તથા ઇ-નામ વિશે જણાવો.

- એગ્રો બિઝનેસ પૉલિસી 2016 અને ઇ-નામ-આ બંને યોજનાઓ ભારત સરકારના ગરીબી નિવારણના કાર્યક્રમો છે.
- **એગ્રો બિઝનેસ પૉલિસી 2016:**
- આ પૉલિસી દ્વારા રાજ્ય સરકારે પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટની નિકાસોમાં મદદ કરવાની અને એગ્રો ફૂડ પ્રોસેસિંગ યુનિટો સ્થાપીને લગભગ 10 લાખ લોકોને રોજગારી પૂરી પાડવાની યોજના અમલમાં મૂકી છે.
- **ઇ-નામ:**
- આ યોજના હેઠળ સરકારે રાષ્ટ્રીય કૃષિબજાર ઊભું કર્યું છે, જેમાં ખેડૂતો પોતાના ઉત્પાદનોને ઓનલાઇન સૂચિબદ્ધ કરાવી શકે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- વેપારી કોઈ પણ જગ્યાએથી તે ઉત્પાદનોની બોલી લગાવી શકે છે.
- વચેટિયાઓ, દલાલોથી થતા આર્થિક નુકશાનથી ખેડૂતોને બચાવીને વધુ ભાવરૂપી વળતર મળે અને હરીફાઈથી વધુ આર્થિક લાભ મળે તે આ યોજનાનો મુખ્ય હેતુ છે.

### (3) 'મનરેગા' કાર્યક્રમની સ્પષ્ટતા કરો.

- 'મનરેગા' (MNREGA) યોજનાનું પૂરું નામ 'મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના' છે.
- રોજગારી દ્વારા ગરીબીરેખાથી ઉપર લાવી જીવનસ્તર સુધારવાની આ યોજના ભારત સરકારનો એક કાર્યક્રમ છે.
- 'આપણા ગામમાં આપણું કામ, સાથે મળે છે વાજબી દામ'ના સૂત્ર દ્વારા અમલી બનેલી આ યોજનામાં ગ્રામ્ય વિસ્તારોમાં કુટુંબદીઠ 18 વર્ષથી વધુ ઉંમરના એક સભ્યને નાણાકીય વર્ષમાં 100 દિવસની (રોજના 7 કલાક) વેતનયુક્ત રોજગારી આપવામાં આવે છે.
- કામ માગ્યા પછી સરકાર કામ પુરું ન પાડી શકે, તો નિયમ મુજબ વ્યક્તિને 'બેકારી ભથ્થું' અપાય છે.
- 'મનરેગા' યોજના હેઠળ નીચે પ્રમાણેનાં ગ્રામોદ્ધારનાં કામો કરવામાં આવે છે:

→ વ્યક્તિગત શૌચાલયો બાંધવાં
→ વ્યક્તિગત કૂવા ગાળવા
→ જૈવિક ખાતર બનાવવું
→ જમીનને સમથળ કરવી
→ રસ્તાનું વનીકરણ
→ ઢોર-છાપરી
→ મરઘાં-બકરી માટેના શેડ
→ માછલી સૂકવણી યાર્ડ
→ કેનાલ સફાઈ
→ જળસંગ્રહ

### (4) ઔદ્યોગિક બેરોજગારી એટલે શું?

- ઔદ્યોગિક ક્ષેત્રે કાચા માલની અછત, વીજળી કાપ, વિદેશી માલની આયાત, ટેક્નોલૉજીમાં ફેરફાર વગેરે કારણોસર વસ્તુનું ઉત્પાદન ઘટે કે વસ્તુની માંગ ઘટે તો વ્યક્તિને ટૂંકા કે લાંબા સમય માટે કામ વિનાના થવું પડતું હોય, તો તેવી સ્થિતિને 'ઔદ્યોગિક બેરોજગારી' કહે છે.

### (5) વિશ્વ શ્રમ બજારનો ખ્યાલ સ્પષ્ટ કરો.

- વિશ્વના દેશો પોતાના શ્રમિકોનું આદાનપ્રદાન કરે, તેને 'વિશ્વ શ્રમ બજાર' કહે છે.
- આંતરરાષ્ટ્રીય કક્ષાએ શ્રમિકો એક દેશમાંથી બીજા દેશમાં રોજગારી, વેપારધંધા, ઉદ્યોગ અને અભ્યાસ અર્થે સ્થળાંતર કરે તેને મિશ્રની આંતરરાષ્ટ્રીય ગતિશીલતા કહે છે.
- શૈક્ષણિક જ્ઞાન, ઉચ્ચ ટેક્નિકલ અને કૌશલ્યો માટે વધુ સુવિધા, વધુ આવક અને વધુ સારી નોકરીની શોધમાં બુદ્ધિધનનું બહિર્ગમન 'બ્રેઇન ડ્રેઇન' એ આંતરરાષ્ટ્રીય સ્તરે સ્થળાંતર છે.
- આપણા દેશમાંથી બુદ્ધિશાળી અને પ્રતિભાશાળી વ્યક્તિઓ, તાલીમ પામેલ કુશળ કારીગરોના અન્ય દેશોમાં થતા સ્થળાંતર થવાના કે સ્થાયી વસવાટ થવાના વધતા વલણને કારણે આપણા દેશમાં આવી પ્રતિભાઓની ખોટ વર્તાય છે.
- વૈશ્વિકરણ અને ઉદારીકરણને લીધે અનેક દેશો વિશિષ્ટ શૈક્ષણિક લાયકાત ધરાવતા અને અન્ય

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ક્ષેત્રોમાં કુશળતા ધરાવતા લોકોને આકર્ષે છે.

- મોટા ઔદ્યોગિક એકમો આવશ્યક લાયકાત, જ્ઞાન અને કૌશલ્ય ધરાવતા કર્મચારીઓને ઉચ્ચ તાલીમ લેવા માટે વિદેશોમાં મોકલે છે, જે એક પ્રકારના આંતરરાષ્ટ્રીય સ્થળાંતરનો એક ભાગ છે.

## પ્રશ્ન 4: નીચેના દરેક પ્રશ્નોની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો:

**(1) ભારતમાં ગરીબાઈનું સૌથી ઊંચું પ્રમાણ કયા રાજ્યમાં છે?**

(A) ઉત્તરપ્રદેશ

(B) ઓડિશા

(C) છત્તીસગઢ

(D) બિહાર

**(2) ભારતમાં 2011 – 12માં ગરીબીનું પ્રમાણ કેટલું હતું (કરોડમાં)?**

(A) 21.65

(B) 26.93

(C) 36.93

(D) 21.92

**(3) મહિલા સશક્તિકરણ, કૌશલ્યવર્ધન તાલીમ, સ્વરોજગારી અને બજાર સાથે જોડાણ કરવાનો હેતુ કઈ સરકારી યોજનામાં રાખવામાં આવ્યો છે?**

(A) પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના

(B) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના

(C) મિશન મંગલમ્ યોજના

(D) એગ્રો બિઝનેસ પૉલિસી - 2016

**(4) ભારતના કયા રાજ્યમાં બેરોજગારીનું પ્રમાણ સૌથી ઊંચું જોવા મળ્યું?**

(A) બિહાર

(B) ઝારખંડ

(C) કેરાલા

(D) હરિયાણા

**(5) અન્ન સુરક્ષા એક્ટ હેઠળ કઈ યોજના ગુજરાતમાં અમલમાં આવી?**

(A) મા અન્નપૂર્ણા યોજના

(B) મનરેગા

(C) અંત્યોદય યોજના

(D) સુકન્યા સમૃદ્ધિ યોજના

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**(6) યુવા બેરોજગારોને નવા આઇડિયા સાથે ઉદ્યોગ સાહસિક બની સ્વરોજગાર તરફ કઈ યોજના પ્રેરે છે?**

(A) મેક-ઈન-ઇન્ડિયા

(B) સ્ટાર્ટ અપ ઇન્ડિયા

(C) ડિજીટલ ઇન્ડિયા

(D) સ્વચ્છ ભારત અભિયાન

**(7) બેરોજગારી નિવારણ માટે શિક્ષિત બેરોજગારોની નોંધણી કરતી સંસ્થા ........................**

(A) રોજગાર વિનિમય કેન્દ્ર

(B) શ્રમ મંત્રાલય

(C) મોડેલ કેરિયર સેન્ટર

(D) ગ્રામ પંચાયત

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in